

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-32 ■ તા. 1-08-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


### સુપ્રિઓએ સોશિયલ મિડિયામાં પોસ્ટ લખીને જાણ કરી

# ભાજપ સાંસદ બાબુલ સુપ્રિયોની રાજનીતિમાંથી 'એક્ઝિટ'

**બાબુલ સુપ્રિયો પશ્ચિમ બંગાળના આસનસોલથી સાંસદ છે, તેઓ રાજીનામું આપશે, થોડા દિવસ અગાઉ મોદી કેબિનેટ વિસ્તરણમાં સુપ્રિયોને સ્થાન મળ્યું ન હતું,લોકોની સેવા માટે રાજનીતિની જરૂર નથી, અલગ રહીને પણ સેવા કરી શકાય છેઃ સુપ્રિયો**

*ન્યુ દિલ્હી,તા.૩૧*

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને બંગાળમાં ભાજપના મોટા નેતા બાબુલ સપ્રિયોએ રાજનીતિને અલવિદા કરી દીધી છે. સુપ્રિયોએ સોશિયલ મીડિયામાં પોસ્ટ લખીને કહ્યું છે કે તેઓ રાજનીતિમાં ફક્ત સમાજ સેવા માટે આવ્યા હતા. હવે તેઓએ પોતાનો રસ્તો બદલવાનો નિર્ણય લીધો છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી બાબુલ સુપ્રિયો સાંસદ પદેથી રાજીનામું આપશે.

સુપ્રીયોએ કહ્યું છે કે લોકોની સેવા કરવા માટે રાજનીતિમાં રહેવાની જરૂર નથી. જેથી તેઓ રાજકારણથી અલગ રહીને પણ સેવા કરી શકે છે. જેઓએ એ પણ સ્પષ્ટતા કરી છે કે તેઓ હંમેશાં બીજેપીનો હિસ્સો રહેશે. છેલ્લા ઘણા દિવસોથી બાબુલ સુપ્રીયોની ચૂપકીદી અને ભાજપમાં ઘટતા કદ સામે સવાલો ઉઠી રહ્યાં હતા. અટકળો પણ હતી કે બાબુલ સુપ્રીયો કોઈ મોટુ પગલું ભરશે.

પૂર્વ કેન્દ્રિય મંત્રી બાબૂલ સુપ્રિયોએ જણાવ્યું કે તે એક મહિનાની અંદર સરકાર દ્વારા આપેલા ઘરને ખાલી કરી દેશે. તે સાંસદ પદે પણથી રાજીનામું આપશે.

હવે સોશિયલ મીડિયાની પોસ્ટના સહારે તમામ વિવાદો પર પણ તેમણે વાત કરી છે. સુપ્રીયોએ કબૂલ્યું છે કે પાર્ટીમાં મારે કેટલાક મતભેદો હતા. આ બાબતો ચૂંટણી પહેલાં જ સામે આવી ગઈ હતી. હાર માટે પણ હું જવાબદારી લઉ છું પણ બીજા નેતાઓ પણ આ માટે જવાબદાર છે. બાબુલ સુપ્રીયો મોદી સરકારમાં મંત્રી હતા. જેઓને બંગાળની હાર બાદ મંત્રીપદમાંથી ધરાર રવાના કરી દેવાયા હતા. આ અંગે સુપ્રીયોએ સોશિયલ મીડિયામાં લખ્યું હતું કે, રાજીનામું માગ્યું એનું દુખ નથી પણ જે રીતે મગાયું એનું દુખ છે. બંગાળ ભાજપમાં બાબુલ સુપ્રીયો મોટો ચહેરો ગણાતા હતા.

છેલ્લા કેટલાક દિવસોથી બાબુલ સુપ્રિયોની મૌન અને ભાજપમાં તેમના ઘટતા કદ પર અનેક પ્રશ્નો ઉભા થયા હતા. અટકળો હતી કે બાબુલ કોઈ મોટો નિર્ણય લઇ શકે છે. હવે તેમની સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા એ તમામ વિવાદો પર પણ બાબુલે વિસ્તારથી વાત કરી છે. તેમણે જણાવ્યું કે પાર્ટી સાથે મારે કેટલાક મતભેદો હતા. તે વાતો ચૂંટણી પહેલા તમામ સામે આવી ગઈ હતી. હાર માટે હું જવાબદારી લઉં છું, પરંતુ બીજા નેતા પણ જવાબદાર છે.

બાબુલ સુપ્રિયોએ એ વાતનો પણ ઉલ્લેખ કર્યો છે કે તે લાંબા સમયથી પાર્ટી છોડવા માંગતા હતા. તેઓએ પહેલા જ ધારી લીધું હતું કે હવે રાજકારણમાં નથી રહેવું. પરંતુ ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાની વિનંતીના કારણે તેઓ પાર્ટીમાં રહ્યા. પરંતુ હવે તેમના કેટલાક નેતાઓ સાથે મતભેદ છે અને તમામ વિવાદ પણ જનતા સામે આવી રહ્યા હતા, એવામાં તેમણે રાજકારણ છોડવાનો નિર્ણય લીધો છે.

## અમેરિકામાં ફરી એક વખત કોરોનાનો કહેર, ૧ લાખથી વધુ નવા સંક્રમિત મળ્યા

વોશિંગ્ટન,તા.૩૧

પાંચ મહિના બાદ અમેરિકામાં ૧ લાખથી વધુ નવા કોરોના સંક્રમિતોની ઓળખ થઇ છે. ફેબ્રુઆરી બાદ અહી આવેલા આ સંક્રમણના આંકડા પાછળ કોરોના વાયરસ ડેલ્ટા વેરિએન્ટ છે. ઓફિશિયલ આંકડા અનુસાર દેશમાં ૧૦૨,૨૭૮ નવા સંક્રમિત મળ્યા છે અને ૪૩૬ નવા મોત થયા છે. મહત્વપૂર્ણ છે કે દેશમાં અત્યાર સુધી કુલ સંક્રમિતોનો આંકડો ૩૪,૯૪૩,૨૦૩ થઇ ગયો છે અને કુલ મોતની સંખ્યા ૬૧૩,૦૦૬ છે. આ આંકડા અમેરિકાની જોન્સ હોપકિન્સ યૂનિવર્સિટી તરફથી જાહેર કરવામાં આવ્યા છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન તરફથી કેટલાક દેશમાં વધી રહેલા સંક્રમણને જોતા નિવેદન જાહેર કરવામાં આવ્યુ છે કે ડેલ્ટા વેરિએન્ટ વધુ જીવલેણ થાય તે પહેલા જ તેની પર રોક માટે કડક પગલા ભરવાની જરૂર છે. ચીન, સ્પેન, ઈન્ડોનેશિયા અને અમેરિકા સહિત કેટલાક દેશ કોરોના વાયરસના સંક્રમણ ડેલ્ટા વેરિએન્ટની ઝપટમાં છે.

વૈશ્વિક કોરોના સંક્રમણના કુલ કેસ ૧૯૭,૨૭૬, ૯૧૭ થઇ ગયા છે અને ૪,૨૦૭,૨૩૬ સંક્રમિતોના મોત થઇ ચુક્યા છે. બીજી તરફ કોરોના સંક્રમણથી બચવા માટે અત્યાર સુધી કોરોના વેક્સીનની ૪,૦૪૨,૬૧૪, ૧૭૩ ડોઝ વિશ્વભરમાં આપવામાં આવી ચુક્યા છે. મહત્વપૂર્ણ છે કે વિશ્વમાં મહામારી કોવિડ-૧૯ની શરૂઆત સાથે જ સૌથી ખરાબ સમય અમેરિકામાં શરૂ થઇ ગયો હતો જેનાથી હવે રાહતના સંકેત મળવા લાગ્યા હતા પરંતુ આ કેટલાક મહિના જ રહ્યો કારણ કે ફરી અહી ઘાતક કોરોના વાયરસના કેસ જોવા મળી રહ્યા છે.

## પુલવામા હુમલામાં સામેલ જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી સહિત બે આતંકી ઠાર

શ્રીનગર,તા.૩૧

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. શનિવારે એક એન્કાઉન્ટરમાં સુરક્ષાદળોએ જૈશ-એ-મોહમ્મદના બે આતંકવાદીઓને ઠાર કર્યા હોવાની વિગતો મળી છે. પોલીસના જણાવ્યા મુજબ ઠાર કરાયેલા આતંકવાદીઓ પૈકી એક પુલવામાં હુમલામાં સામે જૈશનો ટોચનો આતંકવાદી પણ સામેલ છે.

ચોક્કસ બાતમીને આધારે પોલીસ અને લશ્કરે દાચીગામ નજીક નામિબિયન અને મારસાર જંગલ વિસ્તારની નાકાબંધી કરી હતી અને તપાસ અભિયાન હાથ ધર્યું હતું. આ સર્ચ ઓપરેશન વખતે આતંકવાદીઓએ પોલીસ પાર્ટી અને સુરક્ષાદળો પર ગોળીબાર કર્યો હતો. સુરક્ષાદળો દ્વારા વળતો હુમલો કરવામાં આવ્યો હતો જેમાં બે આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. કાશ્મીરના આઈજીપી વિજય કુમારના જણાવ્યા મુજબ પાકિસ્તાન સાથે સંકળાયેલા બે આતંકવાદીઓ જેઓ જૈશ-એ-મોહમ્મદ સાથે નાતો ધરાવતા હતા તેમને મોતને ઘાટ ઉતારી દેવાયા છે. એક આતંકવાદીની ઓળખ લંબૂ તરીકે થઈ છે જયારે બીજાની ઓળખ બાકી છે. વરિષ્ઠ પોલીસ અધિકારીના મતે અબૂ સૈફુલ્લાને અદમાન, ઈસ્માઈલ અને લંબૂ તરીકે પણ ઓળખવામાં આવતો હતો.

૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯માં પુલવામામાં થયેલા આતંકવાદી હુમલામાં પણ અદનાન સામેલ હતો. તે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના રઉફ અઝહર, મૌલાના મસૂદ અઝહર અને અમ્મારનો મજબૂત સહયોગી હતો. પ્રાપ્ત વિગતો મુજબ તે વાહનોથી ચાલતા આઈઈડીનો નિષ્ણાત હતો જેનો અફઘાનિસ્તાનમાં નિયમિત રીતે ઉપયોગ કરવામાં આવે છે.

અધિકારીઓના મતે તે તાલિબાન સાથે પણ સંકળાયેલો હતો. તે સલ્હા સૈફ અને ઉમરનો પણ નિકટનો વ્યક્તિ માનવામાં આવતો હતો જેમને અગાઉ ઠાર કરવામાં આવ્યા હતા.

## તમારી દરેક કામગીરીમાં નેશન ફર્સ્ટનો વિચાર હોવો જોઈએઃ મોદી



ન્યુ દિલ્હી,તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે (શનિવારે) સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય પોલીસ એકેડમીમાં તાલીમ લઈ રહેલા નવા ભારતીય પોલીસ સેવા અધિકારીઓ સાથે વાતચીત કરી. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ ચર્ચામાં, પીએમ મોદીએ આઈપીએસ તાલીમાર્થીઓને તેમના અનુભવ વિશે પૂછ્યું તેમજ આગામી ભવિષ્યમાં તેમની યોજનાઓ વિશે પૂછ્યું. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યુ કે અધિકારીઓનું શિક્ષણ દેશનું કામ છે, જો પોલીસ અધિકારીઓ તેમની ફિટનેસને મજબૂત કરશે તો સમાજ પણ સારો રહેશે.

પીએમ મોદીએ આગળ કહ્યું, '૧૯૩૦ થી ૧૯૪૭ ની વચ્ચે દેશમાં જે ભરતી ઉભી થઈ, જે રીતે દેશના યુવાનો આગળ આવ્યા, સમગ્ર યુવા પેઢી એક લક્ષ્ય માટે એક થઈ ગઈ, આજે તમારી અંદર પણ આવી જ ભાવનાની અપેક્ષા છે. તે સમયે દેશના લોકો સ્વરાજ્ય માટે લડ્યા હતા. આજે તમારે સુરાજ્ય માટે આગળ વધવાનું છે. તેમણે આગળ કહ્યું, તમે તમારી કારકિર્દીની શરૂઆત એવા સમયે કરી રહ્યા છો જ્યારે ભારત દરેક ક્ષેત્રમાં, દરેક સ્તરે પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. તમારી કારકિર્દીના આગામી ૨૫ વર્ષ ભારતના વિકાસના સૌથી મહત્વના ૨૫ વર્ષ પણ બનવાના છે. તેથી તમારી તૈયારી, તમારો મૂડ આ મોટા ધ્યેયને અનુરૂપ હોવો જોઈએ.

વીડિયો કોન્ફરન્સિંગ પર વાતચીત દરમિયાન, પીએમ મોદીએ ઘણા તાલીમાર્થી અધિકારીઓ સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરી. પીએમ મોદીએ કહ્યું, 'તમારી સેવાઓ દેશના જુદા જુદા જિલ્લાઓમાં, શહેરોમાં હશે. તેથી તમારે એક મંત્ર યાદ રાખવો પડશે. ક્ષેત્રમાં રહીને તમે જે પણ નિર્ણય લેશો, તે દેશના હિતમાં હોવો જોઈએ, તેનો રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય હોવો જોઈએ. કોરોના સામેની લડાઈમાં આપણા પોલીસકર્મીઓએ દેશવાસીઓ સાથે ખભે ખભા મિલાવીને કામ કર્યું છે. આ પ્રયાસમાં ઘણા પોલીસ કર્મચારીઓએ પોતાનો જીવ આપવો પડ્યો છે. હું તેમને શ્રદ્ધાંજલિ આપું છું અને દેશ વતી તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું.

પીએમ મોદીએ આગળ કહ્યું, 'ભૂતાન, નેપાળ, માલદીવ, મોરેશિયસ, આપણે બધા માત્ર પાડોશી જ નથી, પણ આપણી વિચારસરણી અને સામાજિક માળખામાં પણ ઘણું સામ્ય છે. આપણે બધા સુખ અને દુ .ખના સાથી છીએ. જયારે પણ કોઈ આફત આવે છે, આફત આવે છે, ત્યારે આપણે સૌ પ્રથમ એકબીજાની મદદ કરીએ છીએ. છેલ્લા ૭૫ વર્ષમાં ભારતે વધુ સારી પોલીસ સેવા બનાવવાનો પ્રયાસ કર્યો છે. તાજેતરના વર્ષોમાં પોલીસ તાલીમ માળખામાં પણ નોંધપાત્ર સુધારો થયો છે.

## આતંકી ફંડિંગ અંગે જમ્મુ-કાશ્મીરમાં એનઆઈએના દરોડા

જમ્મૂ,તા.૩૧

આતંકવાદની કરોડરજ્જુ ભાંગી નાખવાના હેતુસર નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ જમ્મુ-કાશ્મીરમાં એક ડઝનથી પણ વધારે સ્થળે દરોડા પાડયા છે. આ દરોડા આતંકવાદી સંગઠન લશ્કર-એ-મુસ્તફાની ફંડિંગ, તેની સાથે સંકળાયેલા લોકો અને જમ્મુના નરવાલ વિસ્તારમાં જપ્ત કરવામાં આવેલા પાંચ કિલો આઇઇડીના સંબંધમાં પાડવામાં આવી રહ્યા છે.

એનઆઈએના ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે જૂન મહિનામાં જમ્મુના એરબેઝ પર થયેલા ડ્રોન હુમલા પછી તરત જ જમ્મુ-કાશ્મીર પોલીસે નરવાલ વિસ્તારમાં પાંચથી છ કિલો વિસ્ફોટક આઇઇડીની સાથે એક શખ્સની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન શક હતો કે આ આઇઇડી પણ ડ્રોન દ્વારા આવી હશે.

આ કેસની તપાસમાં બીજા બેની પણ ધરપકડ કરવામાં આવી હતી. તેના પછી આ કેસ તપાસ માટે એનઆઈએને સોંપી દેવાયો હતો. અત્યાર સુધી મળેલી જાણકારીઓ મુજબ એનઆઈએએ દરોડા પાડવાનું અભિયાન શરૂ કર્યુ છે. તેની સાથે તે વાતની તપાસ કરાવવામાં આવી રહી છે કે ડ્રોન દ્વારા આવેલો સામાન કયા-કયા લોકો સુધી પહોંચ્યો છે અને કયા-કયા લોકોને ડ્રોન અંગે જાણકારી હતી.એનઆઈએના અધિકારીના જણાવ્યા મુજબ બીજો કેસ લશ્કર-એ-મુસ્તફા સાથે જોડાયેલો છે. આ મામલામાં જમ્મુ પોલીસે અનંતનાગ પોલીસ સાથે મળીને એકની ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન તે શખ્સે પોતાનું નામ હિદયતુલ્લાહ જણાવ્યું હતું અને જાણકારી આપી હતી કે તે આતંકવાદી સંગઠન લશ્કર-એ-મુસ્તફાનો સ્વયંભૂ (જાતે બની બેઠેલો) કમાન્ડર છે. તે જૈશ-એ-મોહમ્મદના ઈશારે કામ કરે છે. તેણે જાણકારી આપી હતી કે આ લોકોનો હેતુ અનેક સ્થળોએ વિનાશ વેરવાનો હતો. જમ્મુ-પોલીસ દ્વારા આ કેસમાં પકડાયેલો વ્યક્તિ અને તેને લગતી તપાસ પણ એનઆઈએને સોંપવામાં આવી છે.

## મોનસૂન સત્રઃ દિલ્હી વિધાનસભામાં પસાર થયો કૃષિ કાયદો રદ કરવાનો પ્રસ્તાવ

ન્યુ દિલ્હી,તા.૩૧

દિલ્હી વિધાનસભાનું ચોમાસુ સત્ર સમાપ્ત થઇ ગયુ છે. મોનસૂન સત્રના અંતિમ દિવસે વિધાનસભાએ કૃષિ કાયદાને રદ કરવાનો પ્રસ્તાવ પસાર કરી દીધો છે. આ પ્રસ્તાવ સત્તાધારી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય જરનૈલ સિંહે સદનના પટલ પર રાખ્યુ હતું. આપ ધારાસભ્ય જરનૈલ સિંહે કહ્યુ કે આઠ મહિનાથી ખેડૂત કૃષિ કાયદાના વિરોધમાં ધરણા પર બેઠા છે.જરનૈલ સિંહે કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા કહ્યુ કે આ દરમિયાન ૬૦૦થી વધારે ખેડૂતોના મોત થઇ ચુક્યા છે પરંતુ વડાપ્રધાને હજુ સુધી સંવેદના સુધી વ્યક્ત કરી નહતી. ખેડૂતોએ સુસાઇડ નોટ લખીને આત્મહત્યા કરી છે. તમામ ખેડૂતો પાસેથી તેમની જમીન છીનવીને રાશનની દુકાન પર લાઇનમાં લગાવવાની યોજના છે, તેમણે કહ્યુ કે રાજયસભામાં આ બિલ કેવી રીતે પાસ કરવામાં આવ્યુ તે બધાએ જોયુ છે. જરનૈલ સિંહે કહ્યુ કે આ સિસ્ટમ પર શરમ આવે છે જે પોતાના લોકો વિશે નથી વિચારતા. દેશની મહિલાઓએ પ્રથમ વખત જંતર મંતર પર સંસદ પણ લગાવી. આ સદન (દિલ્હી વિધાનસભા) આ વાતની ભલામણ કરે છે કે કેન્દ્ર સરકાર ખેડૂતો સાથે વાત કરે.વિપક્ષી ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય અને વિપક્ષના નેતા રામવીર સિંહ બિધૂડીએ સદનમાં ચર્ચા દરમિયાન કહ્યુ કે આ ત્રણ કૃષિ કાયદા પાસ કરવામાં આવ્યા તેમાંથી એક કાયદાનું અરવિંદ કેજરીવાલના નેતૃત્વ ધરાવતી દિલ્હી સરકારે પણ મંજૂરી આપી હતી. આ કાયદાથી કૃષિ ઉત્પાદન વધશે, ખેડૂતો સમૃદ્ધ થશે અને મંડીમાં પણ ઉત્પાદન વધશે. નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા બાદ કૃષિ ઉત્પાદન વધ્યુ છે. આવક ડબલ થઇ છે, તેમણે કહ્યુ કે મારી માંગ છે કે ગ્રામસભાની જમીન પર કોઇ ઈન્ડસ્ટ્રી ડેવલપ કરીને વ્યાપાર ના કરો.

દિલ્હી વિધાનસભામાં વિપક્ષના નેતાએ પીએમ મોદી તરફથી ખેડૂતોના કલ્યાણ માટે શરૂ કરવામાં આવેલી યોજના ગણાવી હતી અને કહ્યુ કે તેમણે દિલ્હીમાં લાગુ કરવામાં આવે. ખેડૂતોને વિજળી મફત મળે અને કૃષિ ઉપકરણની ખરીદી પર ખેડૂતોને સબસિડી આપવામાં આવે. વિપક્ષના નેતાનો જવાબ આપતા મંત્રી સત્યેન્દ્ર જૈને સદનમાં કહ્યુ કે ખેડૂતો કહી રહ્યા છે કે આ કાયદો ના જોઈએ. છતા પણ કેન્દ્ર સરકાર લાગુ કરી રહી છે.

## આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા માટે એમ્બેસેડર એટ લાર્જના રુપમાં નિમ્યા

વોશિંગ્ટન,તા.૩૧

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને ભારતીય અમેરિકન રાશદ હુસૈનને આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા માટે એમ્બેસેડર એટ લાર્જના રુપમાં નીમ્યા છે. રાશદ હુસૈન આ મહત્ત્વનો હોદ્દો મેળવનારા પ્રથમ મુસ્લિમ છે. ૪૧ વર્ષીય રાશદ હુસૈન હાલમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદમાં ભાગીદારી અને વૈશ્વિક જોડાણના નિર્દેશક છે. હુસૈને યેલ યુનિવર્સિટીમાંથી લોની ડિગ્રી મેળવી છે. તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી ઈસ્લામિક સ્ટડી અને અરબીમાં માસ્ટરની ડિગ્રી મેળવી છે.

વ્હાઇટ હાઉસમાં એક નિવેદનમાં જણાવાયું છે કે આજની જાહેરાત અમેરિકન રાષ્ટ્રપતિની પ્રતિબદ્ધતાને દર્શાવે છે, જે બધા ધર્મો પ્રત્યે સમાનતાની ભાવના ધરાવે છે. હુસૈન આ મામલામાં પહેલા મુસ્લિમ હશે જેમને આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા માટે એમ્બેસેડર એટ લાર્જ તરીકે નીમવામાં આવ્યા છે. રાશદે આ પહેલા રાષ્ટ્રીય સુરક્ષા અને ન્યાય વિભાગમાં વરિષ્ઠ વકીલ તરીકે કામ કર્યુ છે.

### હોમ આઈસોલેશનમાં રહેલા લોકો પર ચાંપતી નજર રાખો

## ૪૬ જિલ્લાઓમાં ૧૦ ટકાથી વધુ પોઝિટિવીટી રેટઃ કેન્દ્રની ચેતવણી

ન્યુ દિલ્હી,તા.૩૧

કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભુષણની આગેવાનીમાં મળેલી સમિક્ષા બેઠકમાં તમામ રાજયોને ૧૦ ટકાથી વધારે પોઝિટિવીટી રેટ કરતા જિલ્લાઓમાં ભીડ અટકાવવા તથા કોરોનાના નિયમોનું કડકાઈથી પાલન કરાવવાનો આદેશ આપ્યો.

મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા સ્ટેટમેન્ટ અનુસાર, હોમ આઈસોલેશનમાં રહેલા લોકો પર ચાંપતી નજર રાખવી જોઈએ અને જો જરુર પડ્યે તો તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં ઢીલ ન રાખવી જોઈએ.

જ્યાં ૧૦ ટકા કરતા ઓછો પોઝિટીવિટી રેટ હોય તેવા જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવાનો રાજ્યોને આદેશ અપાયો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્સે ગત મહિને સીરો સર્વે કર્યો હતો તેના પરિણામે ગઈકાલે બહાર પાડ્યાં હતા. સીરો સર્વે અનુસાર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં એવા લોકોની સંખ્યા જેમનામાં સૌથી વધારે એન્ટીબોડી જોવા મળી છે.

મધ્યપ્રદેશ બાદ બીજો નંબરે આવતા રાજસ્થાનમાં ૭૬.૨ ટકા, બિહાર ૭૫ ૭૫..૯ ટકા સાથે ત્રીજા, ગુજરાત ૭૫ ૭૫ ટકા સાથે ચોથું, છત્તીસગઢ ૭૪. ટકા સાથે છઠ્ઠા, ઉત્તરાખંડ ૭૩.૧ ટકા સાથે છઠ્ઠું, ઉત્તર પ્રદેશમાં ૭૧ ટકા સાતમા અને આંધ્રપ્રદેશ ૭૦.૨ ટકા લોકોએ કોવિડ સામેની એન્ટીબોડી મેળવી લીધી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જૂન-જુલાઈમાં રાજસ્થાનના જુદા જુદા શહેરોમાંથી કુલ ૧ હજાર ૨૨૬ રેન્ડમ નમૂના લેવામાં આવ્યા હતા, જેની તપાસ કરવામાં આવી હતી અને ૯૩૪ નમૂનાઓમાં એન્ટિબોડી મળી આવી હતી. આ સૂચવે છે કે રાજયના લોકોમાં કોરોના એન્ટિબોડીઝ હાજર છે.

## યુપીએ સરકારે ક્યારેય ઓબીસી પંચને બંધારણીય દરજ્જો ન આપ્યોઃ ભૂપેન્દ્ર યાદવ

ન્યુ દિલ્હી,તા.૩૧

મેડિકલમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી)ને અનામત આપવાના મોદી સરકારના નિર્ણયને કોંગ્રેસ સહિત સમગ્ર વિપક્ષે રાજકારણ પ્રેરિત ગણાવ્યો છે. તેની સામે ભાજપે કોંગ્રેસ પર વળતો પ્રહાર કરતાં જણાવ્યું છે કે પછાત વર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવાની માંગ લાંબા સમયથી ચાલતી હતી. યુપીએ સરકારે તેના શાસનકાળના દસ વર્ષ દરમિયાન તેને બંધારણીય દરજ્જો ન આપ્યો.કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પછાત વર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ભાજપ ઓબીસી સમાજ અને આર્થિક રીતે પછાત વર્ગના યુવાનોને મેડિકલ કોલેજમાં પીજી અને યુજીના અભ્યાસમાં અનામતનો નિર્ણય તેમના માટે મહત્ત્વનો ગણાવ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે મોદી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ૧૭૯ મેડિકલ કોલેજ ખોલી છે. દેશમાં હવે ૫૫૮ મેડિકલ કોલેજ છે. દેશમાં યુજી સીટોમાં ૫૬ ટકા અને પીજી સીટોમાં ૮૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્રએ અખિલ ભારતીય અનામત યોજના હેઠળ વર્તમાન શૈક્ષણિક સત્ર ૨૦૨૧-૨૨માં સ્નાતક અને અનુસ્નાતક સારવાર અને ડેન્ટલના અભ્યાસક્રમોમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી)ને ૨૭ ટકા અનામત અને આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા અનામતની જાહેરાત કરી હતી.

ભાજપનું કહેવું હતું કે કોંગ્રેસ ફક્ત પછાત વર્ગ અને બીજા વર્ગોના કલ્યાણની વાતો જ કરે છે અને કાગળ પર જ વચનોની લ્હાણી કરે છે.

# તંત્રી લેખ

## વિપક્ષોને એકજૂટ કરવા મમતા બેનરજીના પ્રયાસો સફળ થશે....?

દિલ્હી સરકાર પેગાસસ જાસૂસીકાંડમાં બાબતે વિપક્ષોના વિરોધનો સતત સામનો કરી રહી છે તેમજ કૃષિ કાનુન પરત ખેચવા મુદ્દેના વિરોધનો પણ સતત સામનો કરી રહી છે. અને આવા રાજકીય ગરમીના સમયમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દિલ્હી ખાતે વડાપ્રધાન તથા વિપક્ષોની મુલાકાતે પાંચ દિવસ માટે ઉતરી પડ્યા છે. દિલ્હી પહોચતા તેઓ સૌપ્રથમ કોંગ્રેસના નેતાઓની મુલાકાત કરીને વડાપ્રધાનશ્રીની મુલાકાત લઈને પોતાની સૌમ્યતાનો પરિચય આપી દીધો. એક સમયે જીદ્દી કહેવાતા મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં એકલ પંડે ભાજપા ધૂરંધરો સહિતનાને મોટી પછડાટ આપી ચૂંટણી જંગ જીતી બતાવ્યો. તે સમયમાં તેઓએ કહ્યુ હતુ કે બંગાળ પછી હવે દિલ્હીનો વારો છે....પરંતુ પોતે વડાપ્રધાનની દાવેદાર નથી. દિલ્હી આવીને તમામ વિરોધ પક્ષોને એક જૂટ કરવા માટે તેઓએ વિવિધ વિરોધ પક્ષના નેતાઓ સાથે બેઠકોના દોર શરૂ કરી દીધો અને તેમાં તેમને સફળતા મળવાની સંભાવનાઓ વધી પડી.... કારણ કેજરીવાલની આમ આદમી પાર્ટી, કોંગ્રેસ પક્ષ સહિતના તમામ પક્ષના વડાઓ સાથે કરેલ બેઠકોમા તેઓએ એક જ વાત કરી કે વડાપ્રધાન કોણ બનશે તે ચૂંટણી પરિણામો પછી નક્કી કરીશુ. હું પોતે વડાપ્રધાનની દાવેદાર નથી.... પરંતુ ભાજપને કરાવવો એક માત્ર મારું લક્ષ્ય છે. અને ભાજપને હરાવવા આપસી ભેદભાવ ભૂલી ભાજપ સિવાય દરેક પક્ષોને એક મંચ હેઠળ કે પછી એક જૂટ થઈને ચૂંટણી લડવી જરૂરી છે. અને તો જ ભાજપની હાર થઈ શકે..... તેમને દરેક પક્ષને ચૂંટણીમાં મળેલા મતો, રાજ્યોમાં જે તે પક્ષની સ્થિતિ સહિતની બાબતો અંગેની સમૃધ્ધ છણાવટ સહિત પક્ષોને સમજાવ્યું હતુ.....તેમજ બાજપાઈ સરકાર સમયે વિપક્ષો એક થયા તેનો તથા ઈઝરાયેલમાં વિપક્ષો એક જૂઠ થયા અને તેના પરિણામો આવ્યા તેની વાતો કરી હતી....જેના કારણે લગભગ વિપક્ષો એક જૂટ થવા પર માની રહ્યા હોવાની ચર્ચા રાજકીય ક્ષેત્રમા થવા પામી છે.....!

મમતા બેનર્જી બંગાળ મોડેલને મહત્વ આપી રહ્યા છે. તેમનું લક્ષ્ય ૨૦૨૪ મા ભાજપને સત્તા પરથી હટાવવાનું છે. તેઓ ભાજપને ૩૭૫ સીટો પર સીધો પડકાર આપવાની ઈચ્છા ધરાવે છે અને આ પૈકી ૨૦૦ સીટો કોંગ્રેસને આપવા માટે આંતરિક તૈયારી છે. મમતાદીદીએ સોનિયા ગાંધી સાથે બેઠક કર્યા બાદ ઉત્સાહિત જોવા મળ્યા અને પૂરજોશમાં અન્ય પક્ષોના નેતાઓ સાથે બેઠક યોજવા લાગ્યા છે. તેઓ જે તે પક્ષને જ્યા સફળતા મળી હોય તેમજ મતો મેળવવામાં અગ્રસ્થાને હોય ત્યાં તે જ પક્ષને બેઠક લડવાની રહેશે તેવું પણ સમજાવી રહ્યા છે.... અને વિપક્ષો પોતાની રીતે એક જૂટ થવા તૈયાર થયાની સંભાવના વધી છે......! જોકે લોકસભા ચૂંટણીને અઢી વર્ષથી વધુ સમય બાકી છે... પરંતુ મમતાનુ પ્રથમ નિશાન ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પર છે અને ત્યાંથી પ્રચારના શ્રીગણેશ કરશે. તો ચૂંટણી પ્રચારમાં મમતા બેનર્જી ખુદ, સોનિયા ગાંધી, શરદ પવાર સહિતના નેતાઓ મહત્વના ચહેરા બની રહેશે..... તેમણે વિપક્ષી નેતાઓ સાથેની બેઠકોમાં અગત્યની વાત એ કરી દે હું પી એમ પદ માટેની દાવેદાર નથી તો વિપક્ષનુ સ્થાન કોઈ પણ પક્ષને મળે તો વાંધો નથી.... પરંતુ ભાજપને હરાવવા તમામ વિરોધ પક્ષોએ એક જૂટ થવું મહત્ત્વનું છે. વિપક્ષો એક જૂટ થાય તો ભાજપ કરતા તેની શક્તિ વધારે છે. હુ દરેક પક્ષોને સહાયતા કરવા માંગુ છું. અને હુ નેતા નહી પણ સામાન્ય કાર્યકર્તા બનવા ચાહુ છું તેમ તેઓએ વિપક્ષો સાથેની બેઠકોમાં કહ્યુ હતુ.... અને આ બાબતે વિપક્ષો એકજૂટ થવા તૈયાર છે.....! ત્યારે વિપક્ષોની એક જૂટ થવાની સંભાવનાને લઈને ભાજપ નેતાગણની ચિંતા વધવાની સંભાવના વધી શકે.....તેમ રાજકીય પંડિતોનુ માનવું છે.....!

## દારૂના ગુનામાં આગોતરા જામીન મેળવવાના કાવતરાનો એલસીબીએ પર્દાફાશ કર્યો

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં વાંસજડા હૂડકોથી વિદેશી દારૂના જથ્થા સહિત રૂ. ૪૩.૪૬ લાખનો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારે આ ગુનામાં કલોલ કોર્ટમાં ખોટા ભાડા કરારના આધારે આગોતર જામીન અરજી રજૂ કરનાર બુટલેગર સહિતના ચાર આરોપીઓના ષડયંત્રનો પણ લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. ત્યારે દારૂના ગુન્હાની તપાસ કરતી એલસીબીએ આરોપીના આગોતરા જામીન સંદર્ભે પણ ઊંડાણ પૂર્વક ક્રોસ વેરિફિકેશન કરી સમગ્ર કાવતરાંને ઝડપી લેતાં કોથળામાંથી બિલાડું કાઢ્યા જેવો ઘાટ રચાયો છે.

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા ગત તારીખ ૨૩મી ફેબ્રુઆરીના રોજ વાંસજડા બાબુજી લક્ષ્મણજી ઠાકોરની માલિકીના મકાનમાંથી વિદેશી દારૂની કુલ ૫૫૯૬ બોટલોના જથ્થા સાથે રૂ. ૪૩.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. જે અંગે સાતેજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરી વધુ તપાસ એલસીબી પીઆઈ એચ. પી. ઝાલા દ્વારા કરવામાં આવી રહી હતી. જે ગુનામાં બુટલેગર બાબુજી ઠાકોરે વકીલ મારફતે કલોલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી જે સમયે દારૂ મળી આવ્યો તે પહેલાં આ મકાન અન્ય વ્યક્તિને ભાડે આપ્યા હોવાની રજૂઆત કરી પુરાવા રૂપે ભાડા કરાર રજૂ કર્યો હતો.

લોકલ ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેકટર એચ.પી ઝાલાને સમગ્ર જામીન અરજી પ્રકરણમાં કંઈક રંધાતું હોવાની ગંધ આવી ગઈ હતી. જેથી તેમણે ભાડા કરારની નકલ મેળવી ગુપ્તરાહે તપાસ શરૂ કરી હતી. જેમાં ભાડા કરાર કરનાર નોટરી ચાંદ દોશુભાઈ ધોરી (રહે. હસીન પાર્ક, હેદરી, મેદાન રાયખડ અમદાવાદ)ની જરૂરી પૂછતાજ કરી રજીસ્ટરોની ચકાસણી કરતા અલગ-અલગ સિરિયલ નંબરથી એન્ટ્રીઓની નોંધ કરવામાં આવી હોવાનું જોવા મળ્યું હતું અને રજીસ્ટરમાં વચ્ચેના પાનાં કોરા છોડવામાં આવ્યા હતા.

રજીસ્ટરમાં કોઈપણ નોંધ ગમે ત્યારે થઈ શકે એમ જણાતા ઉક્ત ભાડા કરાર વિશે વધુ પૂછતાંછ શરૂ કરતાં તેણે તેના વકીલ મિત્રના અસીલ જિગ્નેશ મહેશભાઈ પટેલ (રહે સોલા સ્કવેર, દસકોઈ)નો ભાડા કરાર કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ જિગ્નેશ પટેલે નોટરી ચાંદ ધોરી પાસે બે માણસોને ભાડા કરાર માટે મોકલી આપ્યા હતા. બાદમાં ઉક્ત મકાન માલિક તરીકે બાબુજી લક્ષ્યમણ ઠાકોર અને ભાડૂઆત તરીકે જાવેદખાન અમીરખાન પઠાણ (કસ્બાવાસ મહેસાણા)ના આધાર કાર્ડ મારફતે તૈયાર ભાડા કરારમાં સહી સિક્કા કરી આપ્યા હતા.

આટલેથી નહીં સંતોષ થતાં પીઆઈ ઝાલાએ ટેકનિકલ સર્વેલન્સ થકી તપાસ કરતા જાવેદ તેમજ વકીલનું લોકેશન નોટરી ચાંદ ધોરીના ત્યાંનું મળી આવ્યું હતું. આમ સમગ્ર ટેકનિકલ પુરાવાઓ તેમજ નોટરી રજીસ્ટરની એંટ્રીઓ જોતા ઉક્ત ભાડા કરાર ખોટો કરાયો હોવાનું બહાર આવ્યું હતું. જેનાં પગલે એલસીબીએ ઉપરોક્ત ચાર ઈસમો વિરુદ્ધ સાતેજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરી આગોતરા જામીન અરજીના કાવતરાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.

## ગાંધીનગર સે. ૨૨માં સ્વામિનારાયણ પોલિટેકનિકમાં અદ્યતન ઓટોમોબાઈલ વર્કશોપનું ઉદ્ઘાટન

ગાંધીનગર,તા.૩૧

ગાંધીનગરની શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક માં નવ નિર્મિત અદ્યતન સાધનોવાળા ઓટોમોબાઈલ વર્કશોપ એન્ડ સ્કિલ સેન્ટરમાં હવેથી ડિપ્લોમા એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓને ગાડીની સર્વિસ તેમજ ક્લોનીંગ કરતા પણ શીખવવામાં આવશે.

ગાંધીનગરના સેકટર-૨૨માં આવેલા શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક છૈંઝ્રઈ માન્ય તથા જીટીયુ સંલગ્ન ડિપ્લોમા એન્જિનીયરીંગ કોર્ષ ચાલે છે. આ સંસ્થામાં વિદ્યાર્થીઓને ભણતર સાથે પ્રેક્ટીકલ સ્કિલ આપવામાં ખાસ ભાર મૂકવામાં આવે છે. આજે જયારે આવનારા ઓટોમેશન અને ઈફ ઓટોમોબાઈલ ક્રાંતિમાં ભાવિ યુવાનો તૈયાર થાય તેમજ પ્રોફેશનલ સ્કીલનો વિકાસ થાય તે હેતુથી સંસ્થામાં અદ્યતન સાધનોવાળા ઓટોમોબાઈલ વર્કશોપ એન્ડ સ્કિલ સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ સેન્ટરનો હેતુ વિદ્યાર્થી સ્કિલનો વિકાસ કરી આત્મનિર્ભર થાય તેવો છે. આ વર્કશોપમાં દરેક પ્રકારની ગાડીનું સર્વિસ અને ક્લિનીંગ શિખવાડવામાં આવશે, જે ગુજરાતમાં બનનારા ઓટોમોબાઈલ હબમાં યુવનોને રોજગારીની તકો પૂરી પાડશે. તેમજ પ્રધાનમંત્રી કૌશલ્ય યોજના જેવા સર્ટીફીકેટ કોર્ષ પણ ચાલુ કરવામાં આવશે. જે અન્વયે શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં સ્થાપિત અદ્યતન ઓટોમોબાઈલ વર્કશોપનું ગોરધનભાઈ ઝડફિયા, સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી હરિપ્રકાશ સ્વામીજી, સંસ્થાના ડિરેક્ટર પ્રો. ભાવિક શાહના વરદ હસ્તે આજે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

## અંતરનાં આયનામાં.... (લેખાંક - ૬૪)

વર્ષા જાની

સંતોષી નર સદાય સુખી, એવું આપણે ઘણીવાર સાંભળતા હોઈએ છીએ. સંતોષ રાખવો એ ઉત્તમ જીવન જીવવાની જડીબુટ્ટી સમાન ગણાવી શકાય. પણ કઈ બાબતમાં સંતોષની વાત કરવામાં આવે છે! ભૌતિક સુખ સુવિધાઓની દરેક બાબત માટે આ વાત કરવામાં આવી છે.ઘણાં લોકો સફળતા તો મેળવી લે છે. પણ સંતોષ મેળવી શકતાં નથી. પણ આપણે એટલું યાદ રાખવું જોઈએ કે સફળતા કરતાં સંતોષ ચડિયાતો પુરવાર થાય છે. સફળતા તો ગમે તે રીતે લોકો મેળવી લે છે!


યેનકેન પ્રકારે, શોર્ટકટથી પણ લોકો કહેવાતી સફળતા હાંસિલ કરી લે છે. પછી એમાં ભરપેટ સંતોષ માની લેય! દુનિયાની દ્રષ્ટિએ તો એ જબરી સફળતા ગણાય!પણ પોતાના આત્માને કઈ રીતે સંતોષ આપી શકશો! નવાઈની વાત તો એ છે કે તોય માણસ ખૂબ સંતોષ માનીને બેસી રહે! પછી એ સંતોષ વધારે સમય ટકી શકતો નથી. પછી દુ:ખી થવાનો વારો આવે! આપણી માનસિકતા એવી છે કે આપણે ભગવાનને માનીએ છીએ, પણ ભગવાનનું માનતા નથી!

ભગવાન તો આપણને અઢળક સુખ આપીને જ મોકલે છે. પણ ઘણીવાર આપણું મન પેટચોળીને શૂળ ઊભું કરે, અને પછી જાતને દુ:ખી કર્યાની ડંખ ઊભો થાય.

**પ્રભુએ તો સર્જેલુ છે સુખ,**
**મન મનનું ખોળી લે છે**
**દુ:ખ.**
**માણસનું મન જ તેના**
**દુ:ખનું કારણ છે એ સનાતન**
**તથ્ય અહીં પ્રગટ થાય છે.**

ઈશ્વરે માનવીને સુખી કરવા માટે જ માનવ સૃષ્ટિનું સર્જન કર્યું છે. અને માનવીની જરૂરિયાત પૂરી પાડવા માટે ઈશ્વર સહુને હવા, પાણી, ખોરાક વગેરે પૂરાં પાડે છે. સૂરજ, ચાંદો, તારા, ગ્રહો, મેઘધનુષ વગેરે નિહાળીને માણસનું મન આહલાદનો અનુભવી કરી શકે છે. આ રીતે સર્જનહારે જગતમાં સુખ જ સુખ સર્જ્યું છે.

આમ છતાં માનવી કાયમ દુ:ખી જ રહે છે. કારણકે માણસનું મન સંતોષી નથી. તે ડગલે ને પગલે બીજાનું સુખ જોઈ બળ્યા કરે છે. માનવીની જરૂરિયાત પૂરી થઈ શકે પણ તેમની ઈચ્છા,



અપેક્ષાઓ કદી પૂરી થઈ શકતી જ નથી. આથી જે મળ્યું છે તેનો આનંદ માણવાને બદલે જે નથી મળ્યું તેની ચિંતામાં ને ચિંતામાં તે દુ:ખી થતો રહે છે.


દરેક માનવીને ઈશ્વર પાસેથી જે મળ્યું છે તેનો સંતોષ માનવો જોઈએ. સુખ મેળવવાનો આ સિવાય અન્ય કોઈ જ માર્ગ નથી. અને મનથી સુખી હોય ત્યારે જ જીવન સફળ બન્યું છે એમ ચોક્કસ માની શકાય. માણસ ત્યારે જ સફળ બને છે...

જયારે એ દુનિયાને નહીં, પરંતુ પોતાને બદલવાની શરૂઆત કરે છે...!!

વર્ષા જાની
ભાવનગર
૧ ઑગસ્ટ ૨૦૨૧

# સદાબહાર સૂર - ૩૧

## અવિનાશ વ્યાસ




અવિનાશ વ્યાસ એટલે પત્થરમાં પણ પ્રાણ પ્રતિષ્ઠા કરે એવા ગીતકાર. શહેરોને પણ બોલતા કરી દે એવા ગીતકાર, બેજાન સડકોમાં પણ એમને કાવ્યત્વ દેખાય. પ્રકૃતિમાંથી પ્રગટતા સંગીતને એ શહેરોની ઈમારતોમાંય સાંભળી શકે અને આપણને પણ સંભળાય એવી રીતે એ શહેરોને બોલકા કરી દે.

મુંબઈ એક એવી નગરી જ્યાં હરએક પ્રતિભાવંત વ્યક્તિને પોતાની જાતને સિદ્ધ કરવાનું પ્લેટફોર્મ મળે. આપણા આ સવાયા ગુજરાતી ગીતકારને પણ મુંબઈમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ એટલે એમણે અમદાવાદની જેમ મુંબઈને પણ ગાતું કર્યું. અમદાવાદ એમની જન્મભૂમિ હતી તો મુંબઈ એમની કર્મભૂમિ બની રહી. સ્વાભાવિક છે જન્મભૂમિ માટે ગીતરચનાઓ કરી એવી રીતે કર્મભૂમિ માટે પણ કરી છે એટલું જ નહીં પણ એમણે મોહમયી મુંબઈથી માંડીને રંગીલા રાજકોટ અને પાટણને પણ પ્યારું ગણીને એની પર રચનાઓ કરી હતી. એમણે મુંબઈના લોકો, મુંબઈની રહેણીકરણી, મુંબઈની આબાદીને એક કરતાં વધારે ગીતોમાં ઢાળી છે. આજે એમાનાં કેટલાંક ગીતોનો અહીં ઉલ્લેખ કરવો છે.

**આ મુંબઈ છે, જ્યાં**
**ભઈ કરતાં ઝાઝી બઈ છે..**
**આ મુંબઈ છે..**
**નહી એકરંગી, નહી**
**બેરંગી, જ્યાં પચરંગી વસ્તી,**
**અરે જોગી, ભોગી,રોગી**
**સૌની સરખી તંદુરસ્તી,**
**અરે વાટે, હાટે, ઘાટે**
**જ્યાં મોંઘવારી સસ્તી,**
**ને પેટ ભૂખ્યું પણ તનને**
**માટે ટાપટીપ છે સસ્તી,**
**અરે છેલછબીલી**
**અનેકની પણ કોઈની ક્યાં રહી**
**છે? .**
**આ મુંબઈ છે**

મુંબઈના આ ગીતમાં તો સાચે જ એ દિવસોથી માંડીને આજના મુંબઈને એમણે આબેહૂબ વણવ્યું છે. આ રંગબેરંગી મુંબઈને જે જાણે છે એમનેય ખબર છે કે અહીં એક તરફ જીવનભરની આબાદીના કિસ્સા છે તો એની બીજી બાજુ જીવવા માટે મરણીયા થતાં લોકોની બરબાદીનાય કારમા કિસ્સા છે.

મુંબઈમાં શેઠ, શરીફ, ગરીબ, નોકર અને ઘરઘાટીથી ઉભરાતી ચોપાટીની મદમાતી સાંજ પણ છે. અહીં પેટે પાટા બાંધીને જીવતા લોકો છે તો પત્થર પર પાટું મારીને પૈસા પેદા કરતાં લોકોય છે. અવિનાશ વ્યાસ પાસે શબ્દોનો એવો વૈભવ હતો જેનાથી એ આપણી નજર સમક્ષ મુંબઈને એમણે જેવું જોયું, જાણ્યું છે એવું તાદ્રશ્ય કર્યું છે.

આવા મુંબઈ માટે વળી એમણે બીજા ગીતમાં એમ પણ લખ્યું છે કેપ.

**"લોકો સૌ કહે છે કે**
**મુંબઈમાં છે બહુ કમાણી**
**પણ મુંબઈની કમાણી**
**મુંબઈમાં જ સમાણી..**
**જેવું ના સૂકાયે મુંબઈના**
**દરિયાનું પાણી,**
**એવી ના સૂકાયે કોઈ દિ**
**મુંબઈની જવાનીપ"**

મુંબઈમાં ચપટીમાં બસ્સો પાંચસો વાપરી નાખતા લોકો છે અને દિવસ દરમ્યાન માત્ર બસ્સો પાંચસો પર ટકી રહેતા લોકો પણ છે. મુંબઈની કમાણી કેમ કરીને મુંબઈમાં સમાણી એ તો મુંબઈના વતની જ જાણે પણ આજે આંધળી માનો કાગળ યાદ આવી ગયો. એવા કેટલાય મા-બાપ હશે જેમણે પેટે પાટા બાંધીને આ મહાનગરમાં કમાવા મોકલેલા સંતાનોની કમાણી અહીંની અહીં જ હોમાણી હશે !

અહીં મહેલ જેવા મકાનોમાં એકલદોકલ રહેતા લોકોની કથા છે અને ચાલીની બાર ફૂટની ઓરડીમાં માંડ સમાતા લોકોની વ્યથાય છે. મુંબઈમાં જેટલી કોમ એટલી ભાષા છે. કોણ ક્યાંથી આવ્યું છે એની પરવા કર્યા વગર એને સમાવી લેતું મુંબઈ છે અને અવિનાશ વ્યાસે આ મોહમયી, માયાવી મુંબઈના સારા-નરસાં પાસાને શબ્દોમાં ઢાળી સંગીતમાં મઢ્યા છે.

આખો દિવસ અફરાતફરીમાં જીવતાં લોકોથી ખીચોખીચ ભરેલા મુંબઈની સાથે એમણે રંગીલા રાજકોટને પણ મન મુકીને નવાજ્યું છે.

અવિનાશ વ્યાસ તો રાજકોટને તો માલિકની મહેરથી મહોરતા શહેર તરીકે ઓળખાવે છે. જ્યાં માલિકની મહેર હોય ત્યાં લોકો રૂડાં અને દિલના દિલેર હોય એ સહજ છે.

**જેની પર માલિકની મહેર**
**છે, રાજકોટ રંગીલું શહેર છે,**
**લોક રૂડાં ને દિલના**
**દિલેર છે, રાજકોટ રંગીલું શહેર**
**છે.**

સૌ જાણે છે કે પેંડા તો રાજકોટના જ પણ રાજકોટના રસ્તા વિશે સાવ અનોખી રીતે અવિનાશ વ્યાસે એના વિશે કહ્યું છે કે

**"રોડમાં રોડ એક ધર્મેન્દ્ર**
**રોડ છે,**
**હેમામાલિની નથી**
**એટલી જ ખોડ છે,**
**અહીં પેંડાવાળાને**
**લીલાલહેર છે,**
**રાજકોટ રંગીલું શહેર છે.**

"હરિ મારું ગાડું તું ક્યાં લઈ જાય કાંઇ ન જાણું" કે "હરિ હળવે હળવે હંકારે મારું ગાડું ભરેલુ ભારે" જેવા ચિંતનાત્મક ગીતોની રચના કરનાર ગીતકાર આવી હળવી શૈલીમાં, એકદમ મઝાના શબ્દોમાં આવી વાત કરી શકે એ એમની કવિ કલ્પનાના બે અંતિમ છેડાની જાણે અવસ્થા દર્શાવે છે. કેટલી સરસ રીતે એ કોઈપણ વિષયના વૈવિધ્યને પણ એ ખુબ સરસ રીતે ન્યાય આપી જાણે છે !

૧૯૮૧માં પંખીનો માળો ફિલ્મ માટે લખાયેલા આ ગીત પછી તો કદાચ રાજકોટની સૂરત બદલાઈ ગઈ હશે પણ હજુ કેટલીક વાતો તો રાજકોટની પહેલાની જેમ અકબંધ હશે. પેઢી બદલાઈ હશે પણ રાજકોટનો સાંગણવા ચોક અને એનું નામ તો આજે પણ છે. રાજકોટના રેસકોર્સ પર ઘોડલાંના બદલે હાથમાં હાથ નાખીને ફરતાં પ્રેમીઓના જોડલાં ય આજે જોવા મળતાં હશે.

નામ જુઓ રેસકોર્સ મળે
નહીં **ઘોડલાં,**
**હાથોમાં હાથ નાખી ફરે**
**અહીં જોડલાં,**
**પણ ઘોડલાં ને જોડલાંમાં**
**ફેર છે, રાજકોટ રંગીલું શહેર**
**છે.**

રેસકોર્સ જ નહીં આજીનો ડેમ પણ જાણે કે નિર્જીવ છે પણ એની પર વિહરતાં પ્રેમીઓને લઈને અવિનાશ વ્યાસે એને પણ જીવંત કરી દીધો છે.

**હે આજીના ડેમ પર**
**પ્રેમીઓનો ખેલ છે,**
**સૌ જાણે કુંવારા પણ ભાઈ**
**પરણેલ છે,**
**એક રસ્તા પર ને બીજી**
**ઘેર છે, રાજકોટ રંગીલું શહેર છે.**

રાજકોટ રંગીલું શહેર તો છે જ પણ અહીં એક અનેરો ઈતિહાસ રચાઇ ગયો છે એની ક્યાં સૌને જાણ છે? અહીંની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ગાંધીબાપુએ અભ્યાસ કર્યો છે એનો ઉલ્લેખ કરીને રંગીલા રાજકોટ અને અહીંના ઉમદા ઉછેરને અવિનાશ વ્યાસે ગૌરવ પ્રદાન કર્યું છે




## પ્રા.શાળાઓમાં ભરતી નહિ કરાતા અર્જુન મોઢવાડિયાનો શિક્ષણમંત્રીને પત્ર

અમદાવાદ,તા.૩૧

ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૦ હજારથી વધુ શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે. ભરતી નહીં થવાને કારણે અનેક શાળાઓ માત્ર એક બે શિક્ષકોના સહારે ચાલી રહી છે. બીજી તરફ રાજયમાં ટી.ઇ.ટી પાસ કરીને બેઠેલા ૪૭ હજારથી વધુ ઉમેદવારો ભરતીની રાહ જોઈને બેકાર બેસી રહ્યાં છે. રોજગારી અને ભરતીના અભાવે આવા ઉમેદવારોમાં ડિપ્રેશનનું પ્રમાણ વધી રહ્યું છે. તે છતાંય રાજય સરકાર દ્વારા શિક્ષકોની ભરતી કરવામાં નથી આવતી. આવા આક્ષેપ સાથે કોંગ્રેસના નેતાએ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને પત્ર લખ્યો છે.

કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડિયાએ વિદ્યાસહાયકોની ભરતીને લઈને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને પત્ર લખ્યો છે. મોઢવાડિયાએ પત્રમા જણાવ્યું છે કે રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોની હજારો જગ્યાઓ ખાલી પડી છે. બીજી બાજુ ટી.ઇ.ટીની પરીક્ષા પાસ કરીને બેઠેલા ૪૭ હજાર ઉમેદવારો ભરતી નહીં થવાને કારણે બેકાર બન્યાં છે. જેના લીધે તેઓ ધીરે ધીરે ડિપ્રેશન તરફ ધકેલાઈ રહ્યાં છે. છતાં પણ સરકાર દ્વારા ભરતી કરવામાં આવતી નથી. આ બાબત ઘણી દુ:ખદ છે. મોઢવાડિયાએ શિક્ષણમંત્રીને લખેલા પત્રમાં વિદ્યાસહાયકોની ભરતી કરવાની માંગ કરી છે. તે ઉપરાંત T.E.T પ્રમાણપત્રની વેલિડીટી આજીવન કરવા કરવાની રજુઆત પણ કરી છે.મોઢવાડિયાએ પત્રમાં શિક્ષણમંત્રીને એવું પણ જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૮-૧૯માં ૬ હજાર વિદ્યાસહાયકોની ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. તેની સામે માત્ર ૩૨૬૨ વિદ્યાસહાયકોની ભરતી કરીને બાકીની ભરતી પાછળથી કરીશું એવું આશ્વાસન આપવામાં આવ્યું હતું. પરંતુ આજ સુધી બાકી રહેલા વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી નથી. ચાલુ વર્ષે ૩૯૦૦ વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત કરી હતી. તે પૈકી ગુજરાતી સિવાયના માધ્યમના ૬૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી હતી. પરંતુ ગુજરાતી માધ્યમના ૩૩૦૦ વિદ્યા સહાયકોની ભરતી આજ દિન સુધી કરવામાં આવી નથી.

## નિયમ ભંગ કર્યો તો ખેર નથી, અમદાવાદ પોલીસે ૭૭ પોલીસકર્મીઓ વિરુદ્ધ દંડ ફટકાર્યો

અમદાવાદ,તા.૩૧

અકસ્માતની ઘટનાઓમાં ઘટાડો થાય એટલા માટે સરકાર દ્વારા ટ્રાફિકના નિયમોને કડક કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા લોકોને પણ અપીલ કરવામાં આવી રહી છે કે, તેઓ પણ ટ્રાફિકના નિયમોનું પાલન કરે અને જે લોકો ટ્રાફિકના નિયમોનું પાલન નથી કરતા તેમની પાસેથી દંડ વસૂલાત કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા ટ્રાફિકના દંડની રકમમાં પણ ખૂબ જ મોટો વધારો કરવામાં આવ્યો છે. છતાં પણ લોકો બેફામ રીતે નિયમોનો ભંગ કરતા હોય તેવા કિસ્સાઓ સામે આવી રહ્યા છે પરંતુ કેટલીક વખત તો લોકોને નિયમોનું પાલન કરાવતા પોલીસકર્મીઓ જ નિયમનો ભંગ કરતા હોવાનું સામે આવે છે. એટલા માટે પોલીસને પણ નિયમોનું પાલન કરાવવા માટે અમદાવાદ શહેરના રસ્તાઓ પર પોલીસ નિયમ ભંગ કરતા પોલીસકર્મીઓને દંડ ફટકારતી જોવા મળી રહી છે.

રિપોર્ટ અનુસાર અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા લોકોમાં ટ્રાફિક નિયમોને લઈને જાગૃત આવે એટલા માટે અલગ-અલગ પ્રકારની ડ્રાઇવ શરૂ કરવામાં આવે છે પરંતુ હવે અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા નિયમ ભંગ કરતાં પોલીસકર્મીઓને પાઠ ભણાવવા માટે પોલીસકર્મીઓ સામે એક ડ્રાઇવ શરૂ કરવામાં આવી હતી. અમદાવાદ શહેર ટ્રાફિક જેસીપી દ્વારા નિયમ ભંગ કરતા પોલીસકર્મીઓ સામે સાત દિવસ સુધી ડ્રાઈવ ચલાવવાના આદેશ આપવામાં આવ્યા હતા. આ ડ્રાઈવ અંતર્ગત નિયમ ભંગ કરતા પોલીસકર્મીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CYMK